# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૧૭ ● તા.૦૫ સપ્ટેમ્બર થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

## પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.
## કચ્છ ૭૨ જિનાલય તીર્થ મધ્યે
## નવકાર સ્મરણ કરતા સમાધિમય



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ઘરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.



**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# આદર્શ કુટુંબ વ્યવસ્થા કઈ સંયુક્ત કે વિભક્ત?

આજના મોર્ડન અને ઘડિયાળના કાંટે ભાગતી જિંદગીમાં વ્યસ્ત રહેતા કોમ્પ્યુટર જેવા માનવીઓને પોતાના માટે સમય મળતો નથી તો ઘરના મેમ્બરો માટે સમય ક્યાંથી કાઢી શકવાનો! નાના કુટુંબ મહાન કુટુંબ, આદર્શ કુટુંબ એવી પરિસ્થિતિ ચોફેર થઈ ગઈ છે. તેમાં વળી મહાનગરમાં આસમાન અડતા ફ્લેટ, ઘરોના ભાવ, મોંઘવારીનો વધતો જ તો બેલગામ ગ્રાફ વધુને વધુ ભણી પતિ પત્ની બંન્ને જોબ પર જતા હોય. વર્ક લોડના ભારથી સતત સ્ટ્રેસ અનુભવતા હોય. ઓફિસમાં તો ઠીક ઘરમાં હોય તોય કલિગના ફોન, પાર્ટીઓના કોલ, ઈમેલ, બોસની ઈસ્ટ્રક્શન લગાતાર આવતા હોય ત્યારે બંન્નેનું અંગત જીવન પણ ડહોળાઈ જાય છે. કામનો તનાવ મન-મગજ પર પડે છે અને પછી સર્જાય મહાભારત. કમાવવાની પાછળ ભાગતા બંન્ને જણ સંતાન મોડે મોડે કન્વીન્સ કરે છે. એટલું જ નહીં હવે તો એવા યુગલોના કિસ્સા સામે આવે છે. જેઓ એક બીજાને સંમતિ આપી હોય છે DINOK ની એટલે કે ડબલ ઈન્કમનો કિડસ ડબલ કમાણીને સંતાનોની પળો જણ નહી. આવી વિચારધારા પ્રચલિત હોય ત્યારે સંયુક્ત કે વિભક્ત કુટુંબની વાત ક્યાં કરવી. આવા દંપતીઓ માટે એકાકી કુટુંબ જેવો શબ્દ પ્રચલિત કરવો જોઈએ.

આપણો દેશ પહેલાંથી કૌટુંબિક ભાવના, પ્રેમને આદર્શપણે માનીને ચાલનાર પરંપરા આગળ વધારનાર રાષ્ટ્ર છે. કુટુંબ વ્યવસ્થા ગમે તેટલી બદલાય, નવી નવી વ્યાખ્યા રચાય, પણ કેટલીક જૂની બાબતો વિશ્વના લોકોને હર હમેશ કામ આવતી રહેવાની છે. હિંદી ભાષાના કવિ રાજેશ જોશી એ એક કવિતામાં લખ્યું છે કે 'નઈ નઈ મૂર્ખતાઓકે બાવજૂદ બચી રહેતી હૈ પુરાની સમજદારિયાં' સંયુક્ત કુટુંબમાં ઉછરેલા સંતાનો સમય સંજોગવશ વિભક્ત થઈને પણ કુટુંબ વ્યવસ્થા સાથે જોડાયેલા રહે છે. વડીલોની આમન્યા, તેમનો આદર ભાવ કરે છે અને અલગ રહેતા હોવા છતાં કુટુંબ વ્યવસ્થાને માન આપે છે, પોતાના કુટુંબને ચાહે છે અને દરેક સભ્યો વચ્ચે સારી ભાવના કેળવાય તેવા પ્રયત્નો કરે છે.

કૌટુંબિક વ્યવસ્થામાં આવેલ ઘરમૂળથી પરિવર્તન સ્ત્રી શિક્ષણ વધવાથી અને બીજું વિકસતા જતા શહેરોમાં વધતી જતી વસતીથી ગગન ચૂંબતા ઘરોના દર. યુવક યુવતીઓ સહશિક્ષણ મેળવે છે. જેના કારણે છોકરીઓ સ્વતંત્ર વિચાર ધરાવતી થઈ છે. પોતાને લગતા નિર્ણયો લેવા માંડી છે. જેને વડીલો માન્ય કરતા થયાં છે. કુટુંબ સંસ્થામાં અગાઉ વડીલોના નિર્ણયો માન્ય કરતાં હતા. જેમાં હવે ભણેલા પુત્રો, પુત્રીઓ, શિક્ષિત પુત્રવધૂઓ કૌટુંબિક પ્રશ્નોમાં પોતાનો મત રજૂ કરવા મુક્ત હોતા વડીલોની એક હથ્થુ સતામાં પરિવર્તન આવ્યું. જે એક મહત્વનો સુધારો પરિવારીક જીવનમાં આવ્યો છે.

અત્યારે શિક્ષણનું વધેલું પ્રમાણ, શહેરીકરણ, ઔદ્યોગિકરણ તેમજ બદલાતી જતી જીવનશૈલીના નવા સંજોગોને કારણે પરંપરાગત સંયુક્ત કુટુંબ જીવનની કેટલીક લાક્ષણિતાઓમાં સમય અને સંજોગોનુસાર ઘરમૂળથી પરિવર્તન આવેલું છે. ઘરડા ગાડા વાળે એ સંયુક્ત પરિવારની તરફેણ, પોઝિટીવ બાજુ બતાવતી કહેણી છે. જેમાં બધું સમાઈ જાય છે, કહેવાઈ જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# જીવનની દરેક પરિસ્થિતિ આપણી પસંદગીની નથી હોતી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ઘણીવાર માણસ જીવનમાં સુખની રાહ જોતાં જોતાં થાકી જાય છે. ભગવાન પર વિશ્વાસ ગુમાવી દે છે કે કષ્ટ, દર્દ, દુઃખ, યાતના ફક્ત મને જ કેમ? સતત અવળું નસીબ મારું જ કેમ? રાહ જોવાની ઈન્તઝાર કરવાની મજા એનો આનંદ અલગ હોય છે. કોઈક એ કહ્યું છે કે મંઝિલ પામવા કરતાં મંઝિલ પામવા કરાતો પ્રવાસનો આનંદ અલગ છે. પામવાનું સુખ અને પામવાનું સ્વપ્ન જોવાનો આનંદ અલગ છે.

કપરી પરિસ્થિતિમાં પસાર થવું એ એક પરીક્ષા છે. સ્વભાવની મગજ શક્તિની મનોબળની પરખ થાય છે. પણ જેમ જેમ લક્ષ્ય મળવામાં વિલંબ થવા લાગે, સમય વીતતો જાય તેમ તેમ રાહ જોવાનો થાક લાગે. કંટાળો આવવા લાગે છે. અકળામણ થવા લાગે છે અને પછી ધીરજનો અંત આવે છે. અંદરનો આક્રોશ બહાર નીકળે છે.

વડીલો આપણને સલાહ આપે છે કે ધીરજના ફળ મીઠાં છે. પણ આ મીઠાં ફળ આપણે પામીએ ત્યાં સુધી સુધી તો રાહ જોવી પડે છે. આ ધીરજ અને તક સમાન છે. મળે ત્યારે ખરી. ત્યાં સુધી રાહ જોઈ તપ કરવું પડે છે, તલસવું પડે છે. ત્યારે જ અંતે સુખ, સંતોષ અને તૃપ્તિ મળે છે.

જીવનમાં આવતી દરેક પરિસ્થિતિ આપણી પસંદગીની નથી હોતી. પણ આવેલ પરિસ્થિતિમાં આપણને જાતને ઢાળવી પડે છે. પરિસ્થિતિ અનુકુળ બનાવવી પડે છે. એકલા માણસ-ઝંખે છે પણ નિઃસ્વાર્થ ભરોસો તેને મળી શકતો નથી. એટલે અકળામણમાં પોતાનો અંકુશ ખોઈ આક્રોશ વ્યક્ત કરી દે છે એટલે સ્વસ્થ. સમતોલ મનથી દરેક પરિસ્થિતિને સ્વીકારી તેને અનુકુળ બની જવું જોઈએ. એમાં જ નિતાંત સુખ છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

# પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.

## કચ્છ ૭૨ જિનાલય તીર્થ મધ્યે નવકાર સ્મરણ કરતા સમાધિમય

અચલગચ્છાધિપતિ ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. સમુદાયના આચાર્ય કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના સંસારી લઘુબધુ જ્યોતિષાચાર્ય આ.વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. ૫૧ વર્ષનો દીક્ષા પર્યાય પાળી બપોરે ૬૦ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. તેઓ સંસાર પક્ષે રાયણના માતા મણીબાઈ કાકુભાઈ દેઢિયા (મોટી ખાખર)ના પુત્ર થતા હતા.





કોડાયના ૭૨ જિનાલય ખાતે આચાર્ય વીરભદ્રસાગરજી કાળધર્મ પામતાં તેમની પાલખીયાત્રામાં જોડાયેલા આગેવાનો

આચાર્ય વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. છેલ્લા ત્રણ વર્ષથી આચાર્યપદે રહ્યા હતા. નવ વર્ષની નાની વયે તેઓએ દીક્ષા લીધી હતી. તેમના પાર્થિવ દેહને ૭૨ જિનાલયના હોલમાં દર્શનાર્થે રાખવામાં આવેલો ત્યારે અલગ અલગ દાતાઓએ ચડાવાનો લાભ લીધો તેમજ જીવદયા માટે ફંડ એકત્ર થયું હતું.







## અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

# પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.

## કચ્છ ૭૨ જિનાલય તીર્થ મધ્યે નવકાર સ્મરણ કરતા સમાધિમય

આચાર્ય કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ જણાવ્યું હતું કે, દોઢ મહિનામાં ગચ્છે બે સમર્થ આચાર્ય ભગવંતને ગુમાવ્યા છે. સરળાત્મા આ.કવિન્દ્રસાગરસૂરિજીના તેઓ સગા લઘુબંધુ હતા.



આચાર્ય વીરભદ્રસાગરસૂરિજી સંસ્કૃત જ્યોતિષાદિ વિશારદ જોશીલા પ્રવચનકાર હતા. તેમની વિદાયથી ગચ્છને જબ્બર ક્ષતિ થઈ છે. મુનિ પ્રિયંકરસાગરજી મ.સા.એ જણાવ્યું હતું કે, તેઓએ સંસ્કૃત સાહિત્યની પરીક્ષા પણ આપી હતી તેમજ ૪૦ દિવસમાં બીજા સંતે વિદાય લેતાં દુઃખની લાગણી વ્યક્ત કરી હતી તેમજ તેમની જીવનયાત્રાનું વર્ણન કર્યું હતું.

આ પ્રસંગે મુનિ રાજરત્નસાગર મ.સા. (રાજા મહારાજ), મુનિ પ્રિયંકરસાગરજી મ.સા., ભાગ્યોદયસાગરજી મ.સા., વડીલ સંત કંચનસાગરજી મ.સા. તેમજ સાધુ-સાધ્વીજીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. યશોધર-વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટના ચેરમેન રવિલાલ ઠાકરશી સંગોઈએ આચાર્યના નિધનથી દુઃખ વ્યક્ત કર્યું હતું.

આ પાલખીયાત્રામાં ટ્રસ્ટી મોરારજી નાનજી છેડા, વિનોદભાઈ ગંગર(ગોધરા), મહેન્દ્ર પાસડ, કુલીનભાઈ (જીજુ શેઠ), હંસાબેન છેડા, પ્રબોધ મુનવર (ભુજ), ચંદ્રકાંત મોતા (ગોધરા), ચંદ્રકાંત છેડા (મેરાઉ), વલ્લભજી દેઢિયા (બિદડા), મુલેશ નંદુ, કાનજી ગઢવી સહિત અગ્રણીઓ તથા જૈન સંઘોના અગ્રણીઓ જોડાયા હતા. સંચાલન ચંદ્રકાંત દેઢિયા (બિદડા)એ કર્યું હતું. રતિલાલભાઈ શાહ, શામજીભાઈ શાહ, બિપીનભાઈ સહિત વ્યવસ્થા સંભાળી હતી.



# અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વે.જૈન સંઘ દ્વારા મુંબઈના વિવિધ સંઘોમાં ચૈત્યપરિપાટી કરાઈ




અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘ દ્વારા મુલુંડ (પૂર્વ) ઘાટકોપર, માટુંગા, ચેમ્બુર, વડાલા, દાદર (ઈસ્ટ), પરેલ, લાલબાગ તથા થાણા સંઘમાં ચૈત્ય પરિપાટી સંઘ પ્રમુખ રતનલાલજી સા.વડેરાજીની સાથે કરાઈ હતી.

## કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનનો મેડિકલ પ્રોજેક્ટ શરૂ છે

*કોવિડ-૧૯ના કારણે છેલ્લા પાંચ માસથી સૌનું રાબેતા જીવન ખોરવાઈ ગયેલ હતું. જેને કારણે સરકારી નિયમોને આધિન કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનનો મેડિકલ પ્રોજેક્ટ જુલાઈથી ધીરે ધીરે રાબેતા મુજબ થતો જાય છે. જે હવે ૧લી સપ્ટેમ્બરથી પૂરી રીતે સક્રિયતાથી ચાલુ જ છે.*

*આપ સૌને યાદ અપાવવાનું કે મોતિયાના આંખના ઓપરેશનની ચિકિત્સા સાયન ખાતે, દાંત સંબંધિત ટ્રીટમેન્ટ માટુંગા અને ડોંબિવલીમાં તેમજ ડાયાબિટીસનું કન્સલ્ટેશન મુલુંડ ખાતે કરવામાં આવે છે. તેવી જ રીતે આઠ પ્રકારના ઓપરેશનનો પ્રોજેક્ટ જે જ્યુપિટર હોસ્પિટલ થાણા સાથે તાજેતરના સમયમાં ટાઈઅપ કરીને શરૂ કરેલ છે.*

*આપ સૌ સમાજના ભાઈ બહેનો આ બધી સેવાનો લાભ લેશો એ વિનંતી. એપ્લીકેશન ફોર્મ માટે નીચે આપેલ મોબાઈલ નંબર પર થવા ઈમેઈલ ઉપર મેસેજ કરવો.*

*સંપર્ક શ્રીમતી તેજલ રાજેશ શાહ-૯૮૨૦૯૫૩૪૨૫, ઈમેલ tejal@dostireality.com તથા રાજેશ પ્રેમજી શાહ-૯૮૨૦૦૩૭૪૯૫ ઈમેલ rajesh@dostireality.com*

## ધુલિયા સંઘના શ્રી શીતલનાથ આરાધના ભવનમાં આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો દિવ્ય વ્યાખ્યાન થયો

ખાનદેશ પ્રાંતના ધુલિયા સંઘમાં શ્રી શીતલનાથ આરાધના ભવનમાં જિનવાણી શ્રવણનો અનન્ય મંગલ લાભ આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા અપાયો. આધ્યાત્મિક ત્રિફલા જેવા આ મનનીય અને દર્શનીય વ્યાખ્યાનમાં શ્રીપક મહામુનિ-સ્થૂલિભદ્ર સ્વામીના નાના ભાઈના પ્રેરક જીવન પ્રસંગ અર્વાચીન પ્રેરક દ્રષ્ટાંત પં.અ.ભ.સાગરજી મ.સા.ને મહાવિદેહ ક્ષેત્ર અને શ્રી સીમંધર સ્વામીના સમવસરણના દર્શન કર્યા હતા. કચ્છ નારણપુરના સુશ્રાવક ખીમજીભાઈ વાલજી વોરાના વિશિષ્ટ અનુભવ તથા પ્રશ્નોત્તરી દ્વારા જ્ઞાન, સમજવૃધ્ધિ જિનાલયના શિખર પર ધ્વજારોહણ માટે લાકડાનો કડોળો હમેંશા માટે રાખવો ઉચિત છે?

ઉપરોક્ત દરેક વાતો જાણવા, સમજવા માટે પૂજ્યશ્રીએ તા.૩૧ ઓગસ્ટ સોમવાર સવારે ૯.૧૫ કલાકે પ્રેરક પ્રવચન આપ્યું હતું. જે ૧ કલાક ૧૦ મિનીટનું હતું.

# કેડીઓ બીટુબી ગ્રુપમાં બે હજાર પ્રોડક્ટસ સર્વીસ વેચવા તૈયાર

સમસ્ત મહાજનની બીટુબી સમિતિના B2B ગ્રુપનો ફલક દિવસો દિવસ વિસ્તરનો જાય છે. આ ગ્રુપમાં બે હજાર કેડીઓ વ્યાપારી, ગૃહઉદ્યોગ, સર્વીસ આપનારા જ્ઞાતિબંધુઓ પોતાના પ્રોડક્ટ અને સર્વીસીસ વેચવા-આપવા તૈયાર છે. તમે પણ આપણા આ વ્યવસાયિક જ્ઞાતિ સાહસિકોને તેમની પ્રોડક્ટ અને સર્વીસીસ વેચવા માટે મદદ કરી શકો છો.

જે માટે તમારે ગ્રુપની લીંક www.fb.com/groups/kdob2b તમારા કોન્ટેક્ટમાં બધા જ કેડીઓ જ્ઞાતિજનોને કે ગ્રુપોને વોટસએપ મારફતે ફોરવર્ડ કરવાની છે. તો થઈ જાવ તૈયાર. જ્ઞાતિજનોના વેપારમાં તમારો સાથ, સહયોગ પણ આપી ઉમદા કાર્યમાં ઉચિત યોગદાન આપી શકશો છો.

વધુ વિગત માટે કેડીઓ સેવા ૯૦૯૯૦૪૧૪૧૪નો સંપર્ક કરવો.



# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ
# સવંત ૨૦૭૬ના પર્વાધિરાજ પર્યુષણ પર્વનો અહેવાલ

અચલગચ્છાધિપતિ તપસ્વી રત્ન પ.પૂ.આચાર્ય ભગવંત ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબના આજ્ઞાવર્તીની સાધ્વીજી ભગવંત પ.પૂ.શ્રી કનકગુણાશ્રીજી મ.સા.શુ શિષ્યા પ.પૂ.મહાવૃતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.કળશગુણાશ્રીજી મ.સા. આરાધના કરાવવા બાયઠ પધાર્યા હતા. એમની નિશ્રામાં પર્યુષણ પર્વ શાંતીપૂર્વક સંપૂર્ણ ભક્તિભાવપૂર્વક ઉજવાયા હતા. પર્વ દરમ્યાન ધૃત કુલ્લે સીતેર હજાર મણ થયેલ. તપસ્વીઓએ શાંતાપૂર્વક તપસ્યાઓ પૂર્ણ કરેલ. પર્વ દરમ્યાન દરેકે દરેક કાર્યક્રમો સમયસર સમતાપૂર્વક સંપન્ન થયા હતા. વિશ્વવ્યાપી કોરોનાની મહામારીને લીધે મુંબઈ તથા દેશ-દેશાવરથી શ્રાવકો પહોંચી નહોતા શક્યા ફક્ત ૧૮ જણની હાજરી હતી.

સ્થાનિકે શ્રી વેલજીભાઈ પોલડીયા, અ.સૌ.નીલમબેન નીલેશ પોલડીયા તથા અ.સૌ.કાશ્મીરાબેન ભરત મૈશેરીએ સ્થાનિક પ્રમુખ શ્રી ડૉ. નિલેશ મેઘજી પોલડીયાની રાહબરીમાં સર્વ વ્યવસ્થા સર્વ કાર્યક્રમો સુચારું રીતે સંભાળ્યા હતા. મહાજનશ્રી ત્રણે વ્યક્તિઓ તથા ઉછામણીમાં ઉછળતા ભાવે ભાગ લેનાર ભાગ્યશાળી પરિવારો તથા તપસ્વીઓની સન્માનપૂર્વક અનુમોદના કરે છે અને આભાર વ્યક્ત કરે છે.

કલ્પસૂત્ર પધરાવવાનું લાભ અ.સૌ.ટીનાબેન રાજેન્દ્ર પોલડીયા જલગામ વાળા પરિવારે લીધેલ.

પારણું પધરાવવાનું લાભ શ્રી હરેશ હીરાચંદ ડાઘા વરાડીયાવાળા પરિવારે શ્રી અરવિંદ જીવાણીના હસ્તે લીધેલ. હરેશભાઈ બાયઠ ગામના દોહીણી જમાઈ છે. પ્રાત: સ્મરણીય જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાની છબીને માળા રોપણ કરવાનો લહાવો અ.સૌ. ટીનાબેન રાજેન્દ્ર પોલડીયાએ લીધેલ.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વે.જૈન સંઘની વિનંતી

શત્રુંજય પાલીતાણા લીલ ગગન સ્થિત અચલગચ્છીય સાધ્વી મુખ્યાસાધ્વી પ.પૂ.શ્રી હરખીશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા સરળ સ્વભાવ પ.પૂ.સા.શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.નું સ્વાસ્થ્ય સારું થાય તે માટે સૌ સંઘો/મહાજનો તથા શ્રાવક-શ્રાવિકાઓ એ સૌ સ્વઘરે રહી વધુમાં વધુ નવકાર-ઉવસગ્ગહરંના જાપ અને આયંબિલ તપ કરવા એ વિનંતી.




# શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ દ્વારા વિશેષ વિનંતી

શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ વતીથી મંત્રી મુલચંદભાઈ નાનજી મારૂ દ્વારા વિનંતી કરાઈ છે કે જે કોઈ સાધર્મિક ભાઈ બહેનોને પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થ ગુણાશ્રીજી મ.સા. સાથે વાત કરવી હોય તો નિલેશભાઈ-૮૩૨૦૦૭૩૩૨૯ ઉપર સાંજે ૪ થી ૫ સમય દરમ્યાન કરવી. પૂજ્યશ્રી સુખશાતામાં બિરાજમાન છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિના દિવ્યાંગજનોના પેટ્રોન બની લગ્નતિથિને યાદગાર બનાવી

*સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ ચેરમેન કાશ્મીરાબહેન લુઠિયાના સબળ નેતૃત્વ, સંનિષ્ઠ પ્રગતિશીલ કાર્યથી ઉમદા કાર્યો કરી રહી છે. આ સમિતિની એકધારી આગેકૂચમાં કમિટી પદાધિકારીઓ, કન્વીનર રાજેન્દ્ર મણિલાલ ખોના સાથે પથદર્શક એવા સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડનો ફાળો નોંધનીય છે.*

*દિવ્યાંગ સમિતિની પેટ્રોન યોજનામાં શ્રીમતી કાશ્મીરાબેન અને કાન્તિભાઈ કરમશી વિકમશી જખૌ-વાલકેશ્વર એ લગ્નતિથિ નિમિત્તે રૂા.૫૦ હજારનો ઉદાર ભંડોળ આપી દિવ્યાંગ પેટ્રોન તરીકે નોંધણી કરાવી છે અને એમને પોતાના સહજીવનના અમૂલ્ય સંભારણાને યાદગાર બનાવ્યો છે. અધૂરા, અસહાય હોવા છતાં અર્ધ વિકસીત પુષ્પોના સાથી બનનારા આ દંપતીની ભાવના ને અનુરાગને વંદના સાથે ભૂરી ભૂરી અનુમોદના.*



## તણાવ મુક્તિ માટે પ્રથમ સત્રનું નિઃશુલ્ક કાઉન્સિલિંગ આપશે સર્વાંગી વિકમશી



ગામ જખૌ, હાલ ઘાટકોપરની સર્વાંગી નિરંજન વિકમશી છેલ્લા ૨૦ વર્ષથી ટેરોટ કાર્ડ, ન્યુમરોલોજિસ્ટ, ફેસ રીડીંગ, ગ્રાફોલોજિસ્ટ, એન્જલ થેરાપી, રૂન્સ કાસ્ટર અને માસ્ટર જેવા ઓકલ્ટ સાયન્સના અનુભવી માર્ગદર્શક છે. રેકી, નારાયણી રેકી, ક્રિસ્ટલ હીલિંગ, એનએલપી કાઉન્સિલિંગ ઉપચારની પ્રેક્ટિસ કરે છે. યોગા મેડિટેશન પણ શીખવે છે.

લોકડાઉન દરમ્યાન યોગા, ન્યુટ્રિશન અને ડાયટ, સકારાત્મક જીવનશૈલી, માતા પિતા અને બાળ વિકાસ જેવા વિષયોના વેબિનાર્સ ચલાવ્યા હતા.

૮ વર્ષથી ગરીબ પરિવારને અનાજ, દવા વગેરે જેવી જરૂરી વસ્તુઓ તથા શિક્ષણ આપવા યંગસેવક એનજીઓ, એન્જલ એક્સપ્રેસ ફાઉન્ડેશન તથા કમલા મહેતા બ્લાઈન્ડ સ્કૂલની સાથે તેઓ સંકળાયેલા છે તથા તેમને સમર કેમ્પ તથા હિલીંગ સેશન પણ કરેલ છે. તેમણે તનીશ્ક, ઈમેજીનેશન અને જીતો સાથે પણ વેબિનાર્સ કરેલ છે.

તેના મત મુજબ અગર કોઈને મદદ અર્થે સમક્ષ છીએ તો જરૂર કરવી જોઈએ માટે જ્ઞાતિના કોઈપણ વ્યક્તિને તણાવ, હતાશા કે નિરાશા સાથે આરોગ્ય સંબંધિત સમસ્યા કોઈ હોય **તો ૯૯૨૦૬૨૧૪૭૦ સંપર્ક કરવો. સમય બપોરે ૧૨ થી ૧ દરમિયાન આ સમસ્યા નિદાન માટેનો પ્રથમ સત્ર તેઓ નિઃશુલ્ક પ્રદાન કરશે.**

## પ.પૂ.ગુણવલ્લભ સાગરજી મ.સા.ની એકાંત મૌન અર્હમ સાધનાનો પ્રારંભ

યુવા મુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ની એક મહિનાના એકાંત મૌનપૂર્વક અર્હમ સાધનાનો પ્રારંભ તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૦ શનિવારથી થયો છે. અતઃ એક મહિનાની અવધિ દરમ્યાન એકદમ અને અતિ આવશ્યકતા હોય તો જ રામનો-૭૮૦૫૦૮૮૪૬૭ ઉપર સંપર્ક કરવો.

આ સાધના તપના એક માસ દરમ્યાન કોઈપણ શ્રાવકને એક દિવસ માટે અર્હમ પીઠિકામાં મંત્ર સાધના કરવી હોય જે આજે જ નામ લખાવવા. ગુરૂ દેવની સ્વીકૃતિ મળેથી એક એક દિવસ સાધના તપ કરી શકાશે. સાધના દિવસે આયંબિલ કરવું જરૂર રહેશે.

આખા ભારતમાંથી ફક્ત ૩૦ શ્રાવકને આ અદ્દ્ભૂત સાધના કરવાનો મોકો મળશે. તારીખ અને સમય ગુરુદેવની દ્વારા જે અપાશે એ સમયને વાર દિવસે આવવાનું રહેશે. જીવનમાં પ્રથમવાર આવો ગોલ્ડન મોકો કોઈએ ખોવો ન જોઈએ. આપનું નામ આજે જ લખાવશો.









# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજના યુવક મંડળ દ્વારા સ્ટે હોમ કોન્ટેસ્ટનું આયોજન કરાયું હતું. જેમાં ઘર બેઠા વ્હોટસ એપ ગ્રુપ અને ફેસબુક પેજના માધ્યમથી જ્ઞાતિના ભાઈ બહેનો અને બાળકોએ ભાગ લઈ પોતાનામાં રહેલી વિવિધ પ્રતિભાઓ ઉજાગર કરી શકે તે માટેનો આ એક અનોખો પ્રયોગ કર્યો હતો.

● વૈશ્વિક મહામારી કોરોના સામે નવતર પ્રકારની લડત છેડી ક્રાંતિ ગુરૂ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી એ માનવજાત અને વિશ્વ શાંતિ અર્થે વિશ્વ શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સોશ્યલ નેટવર્કિંગ સાઈટના માધ્યમથી ૧૩૦૦ થી વધુ લોકો આ યજ્ઞમાં ઓનલાઈન જોડાઈ વાતાવરણમાં નવી સકારાત્મક ઊર્જાઓ સંચાર કરી દીધો હતો. વધુ જણ સામેલ થયાનો રેકોર્ડ પ્રસ્થાપિત થતાં વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ મિલન સોની અને દેવ્યાની સોનીએ રેકોર્ડ સ્થાપિત કર્યાનું સર્ટિફિકેટ કચ્છ યુનિ.ના કુલપતિને સુપ્રત કર્યું હતું.

● ભુજની ૧૪ વર્ષની હીર રાજેશ ઝવેરીએ એક ફુકમાં ૩૮ મીણબત્તી ઓલવીને ભુજની માતૃછાયા કન્યાવિદ્યાલયની વિદ્યાર્થીનીએ નવો રેકોર્ડ સ્થાપ્યો હતો. ૧૧ થી ૧૬ વર્ષના વય જૂથના ૧૬૧ બાળકોએ ભાગ લીધો હતો. કચ્છ ઉપરાંત દેશભરના જ નહીં અમુક વિદેશોથી ય ભાગ લીધો હતો. વર્લ્ડ રેકોર્ડસ ઈન્ડિયાના વરિષ્ઠ જજ મિલન એમ.સોની અને દેવ્યાની એમ.સોની હાલમાં સોશિયલ મીડિયાના માધ્યમથી અલગ અલગ ચેલેન્જ આપી બાળકોને વિશ્વ વિક્રમનું પ્લેટફોર્મ પૂરૂં પાડે છે.

● સમગ્ર વિશ્વ કોરોના વાયરસની મહામારીથી ગ્રસ્ત છે. કચ્છમાં વન્ય પેદાશોમાં ગણના થતાં મધ ઉત્પાદન બાદ એકત્રીકરણ કરવાની મોસમ લોકડાઉનને કારણે અટકી પડી છે. જેને લીધે મધ સંચયકારો અને વન વિકાસ નિગમ ભારે મૂંઝવણમાં મૂકાયા છે. મધ ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં ૯૦ ટકા જથ્થો કચ્છ પૂરો પાડે છે. ગત વર્ષે અછત જેવી પરિસ્થિતિને લીધે કાળા દુકાળની જેમ ટીપું મધ એકત્રિત થયું ન હતું. આ વર્ષે હજાર ક્વિન્ટલ મધનો ઉતારો મળશે. એપ્રિલના અંત સુધી ૮૭૦ કિલો મધ એકત્ર થયું હતું. વાઢા કોળી અને મુસ્લિમ જાતિના લોકો મારફતે મધનું એકત્રિતકરણ કરવામાં આવે છે. લોકડાઉનને લઈને વાહન વ્યવહાર બંધ હોતા રાપર, ચિત્રોડ, ભુજ, માધાપર, સુખપર, કોડકી, સામત્રા, કુકમા, રેલડી, રામપર (અબડા), નખત્રાણા, ઘડુલી સહિતના વિસ્તારના મધ સંચયકારો પાસે મધનો જથ્થો પડ્યો છે. જે લોકડાઉન હટતાં નિગમના ગોદામમાં જમા થઈ શકશે.

● કચ્છ જિલ્લા સહકારી સંઘ દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરી દ્વારા નિયામક મંડળની ઓનલાઈન મિટીંગમાં દૂધ સંઘના કચ્છ લાખોંદ સ્થિત દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે સ્થાપવામાં આવેલા પનીર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરી અને સરહદ ડેરીની બનાવટવાળું અમૂલ પનીરનું લોંચિગ કરાયું હતું. પનીરનું પ્રોડક્શન સરહદ ડેરીએ શરૂ કરતાં કચ્છમાં જેટલો પનીરનો વપરાશ છે તે હવે સ્થાનિક કચ્છમાં જ અમૂલના વેચાણ કેન્દ્રો ઉપરથી પૂરતા જથ્થામાં ઉપલબ્ધ થશે. પ્રતિ દિન બે ટનની કેપેસિટીવાળો આ પ્લાન્ટ ૨૮૫ લાખના ખર્ચે બનાવવામાં આવ્યો છે.

● આદિપુરના ગાંધીધામ કોલેજિએટ બોર્ડ સંચાલિત તોલાણી પોલિટેકનિક કોલેજ દ્વારા ઓનલાઈન શિક્ષણનો માર્ગ અખત્યાર કરાયો છે. કોલેજના કોમ્પ્યુટર વિભાગ દ્વારા ઓનલાઈન વાલી મિટિંગનું આયોજન કરાયું હતું. જીસીબીના વહીવટી અધિકારી પ્રો.કે.વેંકટેશ્વર લુ અને કોલેજ આચાર્ય પ્રો.જે.કે.રાઠોડ દ્વારા તમામ વિભાગોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વાલીઓના સૂચનો પણ લીધા હતા.

# ગુરુ ગુણોદય શ્રુત અભિયાન અંતર્ગત સ્તવન સ્મરણિકા હરિફાઈ અને પરીક્ષા પત્રનું આયોજન

ગુરુ ગુણોદય શ્રુત અભિયાન અંતર્ગત સ્તવન સ્મરણિકા હરિફાઈ તા.૧ સપ્ટેમ્બરથી તા.૧ ઓક્ટોબર સમયકાળ દરમ્યાન યોજાશે. આ સમય દરમ્યાન પાંચ સ્તવન પાકા કરવાના છે. પ્રભુ ભક્તિનો આનંદ આવે તેવા સ્તવનો અત્રેથી આપવામાં આવશે. પૂજ્યશ્રી ગુરુદેવનું સ્મરણ કરી આ અભિયાનમાં જરૂર સૌ જોડાય. આ જ્ઞાનાવરણી આદિ કર્મોનો ક્ષયોપશમ કરવાનો અદ્‌ભૂત અવસર છે. જે રખે ન ચૂકાય.

તે ઉપરાંત પરીક્ષા પત્રનું પણ આયોજન કરાયું છે. જેમાં સમગ્ર ખાનદેશ પંથકના શ્રાવક-શ્રાવિકા વર્ગ જોડાઈ શકશે. ગુરુ ભક્તિ અને શ્રુત ભક્તિનો અનેરો અવસર સાથે જિન શાસન શિરોમણિ તપચક્ર, ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોસાગરસૂરિશ્વરજી મ.સા.ના. જીવન ઉપવનમાં ભ્રમણ કરવાનો અપૂર્વ અને અદ્‌ભૂત અવસર કર્મક્ષયની અનેરી તક.

શુભારંભ તા.૧ સપ્ટેમ્બરથી તા.૧ ઓક્ટોબર. જવાબ પત્ર પરત કરવાનો અંતિમ દિવસ તા.૧ ઓક્ટોબર ૨૦૨૦. જવાબ પત્ર મોકલવાના વોટસએપ નંબર ઈન્દ્રેશભાઈ પોલડીયા-૭૫૮૮૬૪૭૯૦૩ તથા ચંદ્રેશભાઈ લોડાયા-૯૪૨૨૭૭૯૭૨૧.

પ્રથમ ઈનામ રૂા.૨૦૦૦, દ્વિતીય ઈનામ રૂા.૧૫૦૦ અને તૃતીય ઈનામ રૂા.૧૦૦૦/- છે. શ્રુત આયોજનના અનુમોદક પરિવાર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન શ્વેતાંબર સંઘ ચાલીસગામ, માતુશ્રી લક્ષ્મીબેન શરદભાઈ દંડ હસ્તે યોગેન કનક, કવિતા વિરેન દંડ શેગાંવવાળા પરિવાર તથા ગુરુ ભક્ત પરિવાર છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



રવિવાર, તા.૩૦ ઓગસ્ટ
**ભાવેશ નરેન્દ્ર લોડાયા**
(ઉ.૩૧ વર્ષ)
સેવક ભરૂડીયા, દહીંસર



શનિવાર, તા.૨૯ ઓગસ્ટ
**ધનજી લખમશી ધુલ્લા**
(ઉ.૮૨ વર્ષ)
કોઠારા, મુલુંડ



ગુરુવાર, તા.૩ સપ્ટેમ્બર
**કલ્પના પ્રફુલ્લ મોતા**
(ઉ.૬૫ વર્ષ)
તેરા, હુબલી



મંગળવાર, તા.૧ સપ્ટેમ્બર
**નવીનચંદ્ર ટોકરશી મોતા**
(ઉ.૮૧ વર્ષ)
સુથરી, નીમચ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

# જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૮.૨૦૨૦ | મુલુંડ | કુણાલ બંકિમ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| | દહિસર | હિનલ વીજેશ માણેકજી દંડ | ભરૂડિયા | ૨૫ |
| ૨૮.૦૮.૨૦૨૦ | કોઈમ્બતુર | હંસ ડેની ચીમનલાલ લાલકા | વારાપધર | ૩૨ |
| | અંતરજાલ | મિતલ વિજય કેશવજી ખોના | સુથરી | ૩૦ |
| ૨૯.૦૮.૨૦૨૦ | ગોવંડી | વિરાજ  કિરણ કુંવરજી લોડાયા | કોઠારા | ૩૦ |
| | મલાડ | હારમની ભરત રાયશી ગોશર | બાયઠ | ૨૫ |
| ૩૦.૦૮.૨૦૨૦ | કોઈમ્બતુર | અંકિત નીતિન કાનજી લોડાયા | નાની ખાવડી | ૨૮ |
| | મુલુંડ | મલ્લિકા નિર્મલકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૮ |
| ૩૦.૦૮.૨૦૨૦ | મુલુંડ | કૃણાલ દિપક હીરાચંદ મોમાયા | ડુમરા | ૨૭ |
| | હુબલી | વૃષીકા  અજય પદમશી મોમાયા | સાંયરા | ૨૫ |
| ૩૦.૦૮.૨૦૨૦ | થાણે | જીનેન ગિરીશ વર્ધમાન ધરમશી | નલિયા | ૩૦ |
| | વિદ્યાવિહાર | જીગ્ના ભરત હીરાચંદ ડાઘા | વરાડિયા | ૨૮ |
| ૩૧.૦૮.૨૦૨૦ | દીવા | તેજસ જીગ્નેશ મુલજી ખોના | સુથરી | ૨૮ |
| | હુબલી | વામીની હિરેન ભદ્રીકચંદ નાગડા | નલિયા | ૨૪ |
| ૩૧.૦૮.૨૦૨૦ | હૈદરાબાદ | રોમિલ દિલીપભાઈ પદમશી મોતા | કુઆપધર | ૨૭ |
| | મસૂર | રૂચિરા નીતિન રાયચંદ ધરમશી | કોઠારા | ૨૫ |
| ૩૧.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | રાહુલ સુરેશ ગોવિંદજી મેઘજી મોતા | મોટી ધ્રુફી | ૨૬ |
| | ડોમ્બીવલી | નિશીતા જીગ્નેશ રાયચંદ દંડ | દલતુંગી | ૨૩ |
| ૦૧.૦૯.૨૦૨૦ | ખામગામ | આનંદ નયન નાગડા | તેરા | ૨૮ |
| | આદિપુર | નિરાલી મહેશ લાલકા | વારા પધ્ધર | ૨૭ |

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | પારસ સુનીલ માણેકજી લોડાયા | મોટી ખાવડી | ૨૨ |
| | ડોમ્બીવલી | ફોરમ આશિષ અનંતભાઈ શાહ | બોટાદ | ૨૨ |
| ૨૭.૦૮.૨૦૨૦ | મુલુંડ | અવી પંકજ જેઠાભાઈ નરશી લોડાયા | જખૌ | ૨૫ |
| | ચિત્રાસની | સાચી પીયુષ કીર્તિલાલ મણીલાલ સોમાની | બોરીવલી | ૨૫ |
| ૨૮.૦૮.૨૦૨૦ | કોઈમ્બતુર | મનન ડેની ચીમનલાલ લાલકા | વારાપધર | ૨૭ |
| | કોઈમ્બતુર | દેવિકા અશોક બમ્બોલી | કોઈમ્બતુર | ૨૪ |
| ૩૦.૦૮.૨૦૨૦ | ભાયખલા | અનીષ જીતેન્દ્રભાઈ ચોગમલ ડોલાની જૈન | રાજસ્થાન | ૨૫ |
| | મુલુંડ | ડાયના મેઘકુમાર ગોવિંદજી ખોના | કોઠારા | ૨૫ |

**• જ્ઞાતિ સગપણ છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | સચિન રમેશ હંસરાજ નાગડા | રંગપુર | ૨૭ |
| | ડોમ્બીવલી | જીનલ અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO